
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 13, Issue. 235, July 2022

"**गुरुमुखी नादम्, गुरुमुखी वेदम** ।" નાદ અને વેદનું પોતાનું આગવું મહત્ત્વ છે. તેમ છતાંય ગુરુને મુખે એ આવે તો એનું ખૂબ મહત્ત્વ છે. ધ્યાનથી જે તાલીમ મળે તેને 'નાદ' કહે છે અને શાસ્ત્રોના જ્ઞાનને 'વેદ' કહે છે. ગુરુના મુખે જ નાદ અને વેદનું જ્ઞાન પ્રાપ્ત થવું જોઈએ. એ જ્ઞાન આપવા માટે ગુરુની પોતાની પણ એક જવાબદારી હોય છે.

– વિનોબા ભાવે

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

વિનોબા ભાવેએ એક વાત બહુ સરસ નોંધી છે કે, કોઈ માણસની ઉંમર મોટી હોય તો તેને આપણે ઘરડો કહીએ છીએ. આવા ઘરડાઓ આજકાલ આપણા દેશમાં ઓછા નજરે પડે છે. છતાં હજી એક જાતના ઘરડાઓ છે, આ ઘરડાઓ કોણ ? નવી વસ્તુ શીખવાની ધગશ જેનામાંથી જતી રહી હોય તે ઘરડાં, એમ એક સંતે કહ્યું છે. આવા ઘરડાઓ આપણા દેશમાં જયાં જૂઓ ત્યાં નજરે પડશે. નાનપણમાં જે કંઈ દેવવશાત્ મળ્યું તે ખરું. મોટા થઈને ધંધે વળગ્યો કે પછી 'અમુક વસ્તુ શીખી લે' એમ કોઈ કહે તો તે ન બની શકે. આવી જડતા ભણેલા અને ગણેલા બંને વર્ગના હાડમાં અનેક વર્ષોની ગુલામીને પરિણામે ઊતરી ગયા જેવી થઈ છે. જે આજ સુધી થયું તે હવે પછી પણ થવાનું નથી. આમ, માનવું તે જ ઘરડો તર્ક; આ ઘરડાને એમ કેમ નથી સમજાતું કે આજ સુધી નથી થયું તેવું ઘણું ભવિષ્યમાં થવાનું છે? હે મારા મન, આજ સુધી હું મરી ગયો નથી તેથી હવે પછી પણ મરવાનો નથી, એવા ઘરડા તર્કનો ભોગ બન મા. નહિ તો જીવનમાં ભારે હાનિ થશે.

આપણને મનુષ્ય અવતાર મળ્યો છે, અને આદિકાળથી મનુષ્યમાં કશુંક શીખવાની વૃત્તિ રહેલી એના કારણે દુનિયા વિકસતી અને વિસ્તરતી રહી છે. આજે મનુષ્યએ અનેક સોપાનો સર કર્યા છે. રોજ કશુંક નવીન કરવાની ધગશના શ્રેષ્ઠ પરિણામ આપણને મળ્યા છે. કયાંક સ્થિર થઈ જવું એ જિંદગી નથી. સતત વિકસતા ને વિસ્તરતા રહેવું. નવું નવું શીખવું, બદલાવને સ્વીકારવું, રચનાત્મક ને સર્જનાત્મક અભિગમ સાથે સાતત્યપૂર્વક કાર્યરત રહેવું એ મનુષ્ય અવતારની સાર્થકતા છે. જો વાત આપણે સમજી લેવા જેવી છે.

શિક્ષણ જગતમાં જે બદલાવ આવી રહ્યા છે. નવી શિક્ષણ નીતિનો અભ્યાસ કરીશું સમજાશે કે વિદ્યાર્થીઓને શિક્ષણ પણ વ્યવહારમાં કઈ રીતે ઉપયોગી થઈ શકે. એ શિક્ષણ લઈને બહાર નીકળે ત્યારે એનું કેટલું મહત્ત્વ હોય શકે. અભ્યાસ ને અભ્યાસ સંલગ્ન બાબતોનું મહત્ત્વ હવે આપણને સમજાતું હશે. શિક્ષણમાં બદલાવ ગુણવત્તાયુક્ત શિક્ષણનો ભાગ છે. શિક્ષણ જ્ઞાન માટે સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં પણ એ ઉપયોગી થવું જોઈએ. વિદ્યાર્થીઓ શિક્ષણ પરિસરમાં પ્રવેશ્યા બાદ કશુંક મેળવીને બહાર જાય. એના જીવનમાં કોઈકને કોઈક રીતે એ ઉપયોગી થાય, એ હતાશ કે નિરાશ, પદવી લઈને બેસી ન રહે પણ સતત ક્રિએટિવ બને એ જરૂરી છે. કશુંક પામવું એ મનુષ્ય અવતારની સાર્થકતા છે તો કશુંક નવીન આપવું, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવો, એને જીવનોપયોગી ભાથું પૂરું પાડવું એ શિક્ષણ જગતના ક્ષેત્રમાં આવે છે. આપણા શિક્ષણ પરિસરમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે વિદ્યાર્થીઓના વ્યકિતત્ત્વ ઘડતર થાય એ જરૂરી છે. નવું શીખવાની તમન્ના વિદ્યાર્થીઓમાં જાગ્રત થાય એ દિશામાં અગ્રેસર થવાની જરૂર છે. વૈશ્વિક સ્તરે દરેક ક્ષેત્રમાં બદલાવ આવી રહ્યો છે, એની સાથે આપણે અપડેટ થવાની જરૂર છે. આ મલ્ટિપર્પઝના આ જમાનામાં એક સાથે અનેક સ્કિલ ડેવલપમેન્ટ કરવું જરૂરી છે. આપણા શિક્ષણ પરિસરને એ માટે સજ્જ રાખવા પડશે. એ દિશામાં આપણે આગળ વધી રહ્યા છે. એ જરૂરી પણ છે. વિદ્યાર્થીઓમાં નવું શીખવાની તમન્ના જાગે, અનેક ક્ષેત્રમાં પારંગત બને એ જ ઈચ્છા, શુભેચ્છા.

**તા. ૨૦ ઓકટોબર, ૨૦૨૨**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### ગુરુવંદના કાર્યક્રમ

તા. ૨૦/૭/૨૦૨૨ને રોજ સવારે ૯:૦૦ કલાકે NSS અંતર્ગત બાયોટેકનોલોજી વિભાગના ઓડિટોરિયમમાં 'ગુરુવંદના કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય વકતા તરીકે શ્રી નંદકિશોર શર્મા, NSS કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર તેમજ બાયોટેકનોલોજી વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ ઉપસ્થિત હતા. કાર્યક્રમનો શુભ આરંભ દીપ પ્રાગટયથી કરવામાં આવ્યો. ઉપસ્થિત મહેમાનો તથા સર્વ ગુરુજનોનું તુલસીના છોડ તથા પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કુલપતિશ્રી અને મુખ્ય વકતાએ પોતાની વાણીમાં ગુરુ મહત્ત્વ જુદી જુદી રૂપરેખા સાથે રજૂ કર્યું. કાર્યક્રમનું આયોજન NSS પ્રોગ્રામ ઓફિસર બાયોટેકનોલોજી વિભાગના તન્વી તમાકુવાલા તથા તેમના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું. ૨૨૫ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા રાષ્ટ્રગાનથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.


















### સ્ટાર્ટ અપ–ઇનોવેશન કાર્યક્રમ



દેશના ડેવલોપમેન્ટ માટે અલગ અલગ સમસ્યાઓ પર કામ કરી રહેલા સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવા, વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ પ્રત્યે જાગૃત કરવા અને દક્ષિણ ગુજરાત રિજયનમાં સક્ષમ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વિકસાવવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આઇડિયા એન્ડ ઇનોવેશન સેલ સુરત દ્વારા સ્ટાર્ટઅપ યાત્રાનું આયોજન તા. ૧૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કોલેજમાં કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કોલેજના ઇ.ચા.આચાર્યશ્રી અદિતિ ભટ્ટના સહકાર હેઠળ યોજાયેલ. આ સેશનમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી વિશે માહિતી આપવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓને ઇનોવેટીવ આઇડીયાને કેવી રીતે સ્ટાર્ટઅપમાં તબદીલ કરવું તેમજ તેના માટે ફંડિગ (ગ્રાન્ટ) કેવી રીતે મેળવી શકાય તેની માહિતી યુનિવર્સિટીના શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમમાં કુલ ૧૬૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઇનોવેટિવ આઇડિયા આગળ આવ્યા હતા. સમગ્ર ઈવેન્ટ દરમ્યાન કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તરફથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમને ખુબ સારો સાથ સહકાર મળ્યો હતો.

### સ્ટાર્ટ અપ–ઇનોવેશન



સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં સ્ટાર્ટઅપ–ઇનોવેશન કાર્યક્રમ યોજાયો. સુરત શહેર, દેશના ડેવલોપમેન્ટ માટે અલગ અલગ સમસ્યાઓ પર કામ કરી રહેલા સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવા, અને વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ પ્રત્યે જાગૃતિ લાવવા અને દક્ષિણ ગુજરાત રિજિયનમાં સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વિકસાવવા માટે યુનિવર્સિટી દ્વારા સંચાલિત ઇન્ક્યુબેશન સેન્ટર દ્વારા સ્ટાર્ટઅપ યાત્રાનું આયોજન સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીના આચાર્યશ્રી ડૉ. રાજીવ ડી. લીબાસિયના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ સેશનમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી વિશે માહિતી આપવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓને ઇનોવેટિવ આઇડિયાને કેવી રીતે સ્ટાર્ટઅપમાં તબદીલ કરવું તેમજ તેના માટે ફંડિગ (ગ્રાન્ટ) કેવી રીતે મેળવી શકાય તેની માહિતી યુનિવર્સિટીના શ્રીમતી સિદ્ધિ પટેલ અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ફિઝિયોથેરાપીનાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઇનોવેટિવ આઇડિયા આગળ આવ્યા હતા. સમગ્ર ઇવેન્ટ દરમ્યાન કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તરફથી યુનિવર્સિટીની ટીમને ખૂબ સારો સાથ અને સહકાર મળ્યો હતો.

## Department of Economics

### વિશ્વ વસ્તી દિવસ





આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ૧૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા વિશ્વ વસ્તી દિવસની

ત્રિ–વિધ કાર્યક્રમ દ્વારા ઉજવણી યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શનમાં કરવામાં આવી હતી.

ત્રિ–વિધ સ્પર્ધામાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન અને ચિત્ર સ્પર્ધા નો સમાવેશ થયેલ છે. આ તમામ સ્પર્ધાની થીમ 'વસ્તી' આધારિત રાખવામાં આવી હતી જેમાં અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાઓનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. મનીષ પટેલ, ડૉ. યોગેશ વાંસિયા તથા શ્રી રાકેશ મકવાણા દ્વારા કાર્યકારી અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધાના ભાગ લીધેલ વિદ્યાર્થીઓ તથા વિજેતા સ્પર્ધાકોને વિભાગ દ્વારા પ્રમાણપત્ર અને પારિતોષિક એનાયત કરી વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રોત્ત્સાહિત કરવામાં આવશે. વિજેતા સ્પર્ધકો યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા અભિનંદન પાઠવવામાં આવે છે.

## વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અર્થશાસ્ત્ર વિભાગ, રાષ્ટ્રીય સેવા વિભાગ અને હિન્દુ સ્ટડીઝ વિભાગના સંયુકત પ્રયાસ દ્વારા "आत्मनिर्भर भारत से आर्थिक विकास" વિષય પર વિશેષ વ્યાખ્યાનનું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં સેનેટ હોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય વકતા તરીકે પ્રખ્યાત અર્થશાસ્ત્રી તથા અખિલ ભારતીય સ્વદેશી જાગરણ મંચના સહ–સંયોજક ડૉ. અશ્વિન મહાજન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શ્રી વિશાલ તિવારી, શ્રી હસમુખ પટેલ તથા ડૉ. વિપુલ સોમાણી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત બાલાજી રાજે દ્વારા કરવામાં આવી હતી. સૌ પ્રથમ તેમણે મુખ્ય વકતા તથા કાર્યક્રમમાં ઉપસ્થિત કુલપતિશ્રીનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા અર્થશાસ્ત્ર વિભાગ, રાષ્ટ્રીય સેવા વિભાગ અને હિંદુ સ્ટડીઝ વિભાગના અધ્યક્ષનું પણ સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટયથી કરી હતી. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા મુખ્ય વકતા ડૉ. અશ્વિની મહાજનનું સ્વાગત પુસ્તક તથા નર્મદનાં સ્મૃતિચિન્હો ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું. ત્યારબાદ  વિશાલ તિવારીને ડૉ. યોગેશ એન. વાસિયા દ્વારા પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, વિશાલ તિવારી, હસમુખ પટેલને પણ સ્મૃતિભેટ સ્વરૂપે પુસ્તક આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પ્રસ્તૃત વિષય અંતર્ગત પોતાનું વક્તવ્ય રજુ કર્યું. શ્રી વિશાલ તિવારી જેઓ અખિલ ભારતીય સ્વદેશી જાગરણ મંચમાં કાર્યકર્તા તરીકે કામગીરી કરે છે તેમણે ડૉ. અશ્વિની મહાજનનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. ત્યારબાદ ડૉ. અશ્વિની મહાજન દ્વારા પ્રસ્તૃત વિષયના સંદર્ભમાં વિસ્તૃત માહિતી સાથે વક્તવ્ય રજુ કર્યું હતું. જેમાં આત્મનિર્ભર ભારતથી આર્થિક વિકાસ તરફ કઈ રીતે પ્રયાણ કરી શકાય તે અંગે ચર્ચા કરી જેમાં વિવિધ સરકારી યોજનાઓ અંગે પણ વાત કરવામાં આવી . આ વ્યાખ્યાનમાં ડૉ. અશ્વિનિ મહાજન દ્વારા ભારતને "સોને કી ચીડિયા" શા માટે કહેવામાં આવતી હતી તેનું મુખ્ય કારણ જણાવ્યું તથા આત્મનિર્ભર ભારતની પરિકલ્પના બાબતે વિચાર વ્યકત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને નોકરી મેળવવા કરતા નોકરી આપનાર બનવા નવા નવા સ્ટાર્ટ–અપ પ્લાન વિચારવા તથા તેના અમલ કરવા પ્રોત્સાહન આપ્યું હતું. તેના માટે સરકાર દ્વારા કેટલી યોજનાઓ અમલમાં આવેલ છે તેના અંગે પણ ચર્ચા કરી હતી. ડૉ. અશ્વિની મહાજનનાં વ્યાખ્યા પૂર્ણ કર્યા બાદ શ્રોતાઓ દ્વારા કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેના ડૉ. અશ્વિની મહાજને સંતોષપૂર્વકના ઉત્તરો આપ્યા હતા. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી અને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. પ્રસ્તૃત વ્યાખ્યામાં જુદા જુદા વિભાગના અધ્યક્ષ, પ્રાધ્યાપક તથા ૧૫૩ જેટલા વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને લાભ લીધો હતો.


















## મહેંદી સ્પર્ધા

આઝાદીના અમૃત મહોત્સવ અને બહેનોના અલુણા તહેવારના ભાગરૂપે ૧૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા મહેંદી સ્પર્ધા કાર્યક્રમની ઉજવણીના અધ્યક્ષશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. આ મહેંદી સ્પર્ધા કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગની ૧૪ વિદ્યાર્થીનીઓએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ મહેંદી સ્પર્ધા માટે જજ તરીકેની સેવા ડૉ. મધુબેન થવાનીએ આપી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. યોગેશ વાંસિયા, ડૉ. મનીષ પટેલ, તથા શ્રી રાકેશ મકવાણા દ્વારા કાર્યકારી અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






## લેખન શુધ્ધિ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગનાં સંયુકત પ્રયાસો દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાનું બીજું વ્યાખ્યાન ઓફલાઈન માધ્યમથી તા. ૫–૩–૨૦૨૨ને શનિવારે સવારે ૧૧:૩૦ કલાકે કોમર્સ વિભાગ ખાતે લેખન શુધ્ધિ વિષય પર આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. ધ્વનિલ પારેખને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કોમર્સ વિભાગનાં મયુર દદ્રેશા દ્વારા વ્યાખ્યાનમાં આવેલા મુખ્ય વકતા, કોમર્સ અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકો તથા તમામ શ્રોતાગણોનું સ્વાગત કર્યું. મુખ્ય વકતા ડૉ. ધ્વનિલ પારેખનું ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા તુલસીનો છોડ ભેટ સ્વરૂપે આપીને સ્વાગત કર્યું. ડૉ. યોગેશ એન. વાંસિયાએ દ્વારા ડૉ. ધ્વનિલ પારેખને તથા કોમર્સ વિભાગનાં અધ્યાપકોનો વિસ્તૃત પરિચય આપી ડૉ. ધ્વનિલ પારેખને પોતાનું વકતવ્ય રજુ કરવા માટે આમંત્રિત કર્યા. ડૉ. ધ્વનિલ પારેખે વ્યાખ્યાનની શરૂઆતમાં પોતાના ભાષા અંગેનો અનુભવો વ્યકત કર્યા અને ત્યારબાદ લેખનશુધ્ધિ અંગે ચર્ચા કરી. લેખનશુધ્ધિમાં આવતી સમસ્યા વિષે ચર્ચા કરી જેમાં દરેકને અનુસ્વાર અને રેફ ચિન્હનાં ઉપયોગ માટેના નિયમોની ચર્ચા કરી, સાથે સાથે હ્સ્વાઈ અને દિર્ઘઈનાં ઉપયોગમાં થતી સમસ્યા અને તેનો સાચી રીતે ઉપયોગ લેખનકાર્યમાં કઈ રીતે કરવો તે અંગે અમુક ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓને સમજાવ્યા. તેમણે જણાવ્યું કે હ્સ્વઈ અને દિર્ઘઇ ચિન્હનો ઉપયોગ શબ્દ લખતી વખતે જો ઊંધો કરવામાં આવે તો તેનો અર્થ બદલાઈ જાય છે માટે સાચી જોડણીએ લેખનશુધ્ધિ માટે ખુબ જ જરૂરી છે. ત્યારબાદ તેમણે શ્રોતાઓના લેખનશુધ્ધિ અંગે કેટલાક પ્રશ્નોનાં પણ જવાબ આપ્યા અને મોબાઈલમાં 'સાર્થ જોડણી કોશ' નામની એપ્લીકેશનનો ઉપયોગ કરવા માટે સૂચન આપ્યું. તેમણે જણાવ્યું કે લેખનકાર્ય કરતી વખતે જો તમારું મન લેખનનાં નિયમો અને ભાષા અંગે સજાગ હશે તો ૮૦ ટકા ભૂલો ઓછી થઈ જશે. તેમણે વ્યાખ્યાનમાં મુખ્ય વકતા તરીકે આમંત્રિત કરવા બદલ આભાર વ્યકત કર્યો અને પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું. ડૉ. યોગેશ એન. વાંસિયાએ મુખ્ય વકતા ડૉ. ધ્વનિલ પારેખ, અધ્યાપકો અને તમામ શ્રોતાઓના વ્યાખ્યાનમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કર્યો. લેખનશુધ્ધિનાં વ્યાખ્યાનમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

## શ્રુષ્ટિ બેટી સે...

તા.૨૩/૭/૨૦૨૨ના રોજ યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ ખાતે A.N.I.S. (APMRUTYU NIVARAN SAHAY) સંસ્થા દ્વારા 'શ્રુષ્ટિ બેટી સે' વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ સુરત શહેરના મેયરશ્રી હેમાલીબેન બોધાવાલા, યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી હાજર રહ્યા હતા. મુખ્ય અતિથિઓને સ્મૃતિભેટ સ્વરૂપે તુલસીના છોડ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ 'બેટી યાત્રા' નામનું અભિયાન શરૂ કરવાનો હતો. આં અભિયાનની શરૂઆત સુરત શહેરના મેયરશ્રી હેમાલીબેન બોધાવાલાનાં હસ્તકે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે મુખ્ય અતિથિઓનાં હસ્તકે દીપ–પ્રાગટય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી. ત્યારબાદ A.N.I.S. (APMRUTYU NIVARAN SAHAY) સંસ્થાનાં પ્રમુખ ગીતા શ્રોફ દ્વારા સંસ્થાની શરૂઆત કયારે અને કઈ રીતે કરવામાં આવી હતી તેના વિષે પૂર્વભૂમિકા રજુ કરીને શ્રોતાઓને માહિતગાર કર્યા. આ સંસ્થા સ્ત્રી– ભૃણહત્યા, ઘરેલું હિંસા, બાળમજુરી વિરુદ્ધ કામગીરી કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા જુદા જુદા અભિયાન જેવાકે 'સાર', 'With You', 'બેટી બઢાઓ, સંતુલન બનાઓ' અને 'બેટી યાત્રા' નામનાં મુહીમો ચલાવે છે તેના વિષે માહિતી આપી હતી અને ગુજરાતમાં સુરતમાં જન્મદરમાં અસમાનતા બીજા વિસ્તાર કરતા વધુ જોવા મળે છે તે અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ સુરતના મેયરશ્રી હેમાલીબેન બોધાવાલાએ પ્રસ્તુત વિષય સંદર્ભે પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું. તેમણે જણાવ્યું કે સુરત બધા ક્ષેત્રમાં પ્રથમ છે તો જન્મદરની અસમાનતામાં થઈ રહેલા વધારો રોકવામાં કેમ પાછળ રહીએ છે, આજના યુગમાં ટેકનોલોજીનો ઉપયોગ વધતો જાય છે આ ટેકનોલોજીનો દુરુપયોગ કરીને જતી પરીક્ષણ કરાવવામાં આવે છે અને આ દ્વારા પસંદગીયુકત જાતિનું ગર્ભ ધારણ કરાવે છે આજ કારણ કેટલેક અંશે જન્મદરની અસમાનતા માટે જવાબદાર છે અને આ જન્મદર અસમાનતા રોકવા માટે A.N.I.S. (APMRUTYU NIVARAN SAHAY) સંસ્થા દ્વારા જે કામગીરી કરવામાં આવે છે તેના માટે ખુશી વ્યકત કરી અને તેમાં સફળતા પ્રાપ્ત થઈ તે માટે શુભેચ્છાઓ પાઠવી પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું. ત્યારબાદ કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રસ્તૃત વિષય સંદર્ભે પોતાનું વકતવ્ય રજુ કર્યું. નિશા તલાટી આનંદ દ્વારા પ્રસ્તુત વિષય સંદર્ભે એક PRESENTATION રજુ કરી શ્રોતાઓને માહિતગાર કરવામાં કરી એક નુક્કડ નાટક રજુ કરવામાં આવ્યું જેના દ્વારા 'બેટી બઢાઓ, સંતુલન બનાઓ'નો સંદેશ આપવામાં આવ્યો. અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. યોગેશ વાંસિયા દ્વારા પ્રસ્તુત વિષયનાં સંદર્ભમાં કરેલા પોતાના "District Wise Sex Ratio" સંશોધનની માહિતી શ્રોતાઓ સમક્ષ રજુ કરી. અંતે આભારવિધિ કરી કાર્યક્રમની સમાપ્તિ કરી.

## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### "अपनी नदीको जानिऐ"કાર્યક્રમ





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં NSS અને NCC વિભાગ દ્વારા ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ **"अपनी नदीको जानिऐ"** કાર્યક્રમનું સંચાલન NSS Programme Officer પ્રો. ભરતભાઈ ડી. પટેલ, પ્રો. છાયાબેન યુ. નાયક, પ્રો. ભરતભાઈ એન. પટેલ, પ્રો. નરેન્દ્રભાઈ બી. બારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS Programme Officer પ્રો. ભરતભાઈ ડી. પટેલ, પ્રો. છાયાબેન યુ. નાયક, પ્રો. ભરતભાઈ એન. પટેલ, પ્રો. નરેન્દ્રભાઈ બી. બારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રો. ભરત ડી. પટેલ, પ્રો. છાયા યુ. નાયક દ્વારા નદીઓ અંગેની માહિતી આપવામાં આવી હતી. NSS સ્વયં સેવકો દ્વારા **"अपनी नदीको जानिऐ"** કાર્યક્રમ અંતર્ગત નદીઓનું મહત્ત્વ તેમજ ભારત દેશમાં હાલ નદીઓની શું પરિસ્થિતિ છે ? તે અંગે વિશેષ માહિતી આપી તેમજ NSS સ્વયં સેવકો શ્રી આશિષ સુથાર અને પ્રતિક પંડયા દ્વારા નદીની સાફ–સફાઈ અંગેનો સંદેશો આપવામાં આવ્યો અને નદીની સ્વચ્છતા રાખવા માટેની પ્રતિજ્ઞા આપવી. કોલેજના દરેક વર્ગમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં NCC CTO પ્રા. શ્વેતાબેન ગોલકિયા, પ્રા. ખુશ્બુબેન વામજા પણ હાજર રહ્યાં હતાં.

### ગુરુપૂર્ણિમા





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં NSS અને NCC વિભાગ દ્વારા ૭૫ મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'ગુરુપુર્ણિમા કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન NSS સ્વયં સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં NSS સ્વયંસેવિકા દ્વારા 'ગુરુપૂર્ણિમા' વિશે ગીત રજૂ કરી ગુરુપૂર્ણિમા વિષે વકતવ્ય આપવામાં આવ્યું હતું તેમજ દરેક પ્રાધ્યાપક મિત્રોનું પુષ્પ તથા શ્રીમદ્ ભગવદ્ ગીતાજીનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું. જેમાં અન્ય અધ્યાપકશ્રીઓ તથા વહીવટી સ્ટાફસભ્યો પણ હાજર રહ્યા હતા.

### સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૬ જુલાઈ ૨૦૨૨ના રોજ ઈ. ચા. પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આંતર કોલેજ પ્રાર્થના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રિ. ડૉ. કે.એન.ચાવડા, વાઈલ્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રેસિડન્ટ શ્રી રોહિતભાઈ સુતરિયા, અમરોલી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. દિપ્તીબેન પાંભર, અમરોલી પોલીસ સ્ટેશનના લોક રક્ષક શ્રી વિજય ઓલકિયા તેમજ અમરોલી પોલીસ સ્ટેશનના લોક રક્ષક શ્રીમતિ રિતાબેન રોજાસરા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ આરોહિબેન વ્યાસ અને શ્રીમતિ દિપ્તીબેન પુરોહિત હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત પ્રા. મેઘાબેન મહેતાએ પ્રાર્થનાથી કરી હતી. કુલપતિશ્રી પ્રિ.ડૉ.કે.એન.ચાવડા ઓનલાઈન જોડાઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટરશ્રી પ્રા. રુદ્રનાથ ઝાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. મયંક સોઢાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૧૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે સાસ્મા કોલેજના આયુષી ધબુવાલા, દ્વિતિય ક્રમે સી.ડી.બરફીવાલા કોલેજના મનિષા ગીરી તેમજ તૃતિય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના જાનવી ચૌહાણ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. રુતાબેન ધામેલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આંતરશાળા સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે શાળાના શિક્ષકો દ્યુતિબેન પંડયા, રિમ્પાબેન કાનાણી તેમજ દિલીપભાઈ ભિમાણી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી દિપકભાઈ પુરોહિત અને શ્રી મનિષાબેન પટેલ હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ. વર્ગના વિદ્યાર્થી હર્સિલ રાઠોડે પ્રાર્થનાથી કરી હતી. મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. નરેન્દ્રભાઈ બારૈયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા.ડૉ.કૃતિબેન પટેલે કરાવ્યો હતો. સમગ્ર વતાતવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી શાળાના ૧૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે એસ.પી.બી.હાઈસ્કુલના નુપુર શાહ, દ્વિતિય ક્રમે જી.જી.મુન્દ્રા સેકન્ડરી હાઈસ્કુલના તનવી કોરટ તેમજ તૃતિય ક્રમે સધિયારો હાઈસ્કૂલના સાજીયા શૈખ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. ભારતીબેન ગોહેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



## સ્ટાર્ટ–અપ અને ઇનોવેશન તાલીમ કાર્યક્રમ





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત, જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને ઈ.ચા. આચાર્ય શ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૧૮–૭–૨૦૨૨ થી તા. ૨૧–૭૨૦૨૨ સુધી ચાર દિવસ માટે સ્ટાર્ટ–અપ અને ઇનોવેશન અંતર્ગત બેઝિક અને એડવાન્સ ઇલેક્ટ્રોનિક્સ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટ્રેનર તરીકે શ્રી લોકરાજ પાંડે હાજર રહ્યા હતા. આ તાલીમ કાર્યક્રમમાં કોલેજનાં ૭૩ વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક જોડાયા હતાં.

સમગ્ર તાલીમ–વર્કશોપનું આયોજન ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રા.સી.એસ. શ્વેતાબેન પટેલ દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું. પ્રો. પ્રિયંકા બેરા, પ્રો. સુરભી કાછીયા, પ્રો. પ્રિયંકા ગાંગડવાલા, પ્રો. નિધિ વેકરીયા ઇનોવેશન કલબના સભ્ય તરીકે મહત્ત્વની ભૂમિકા સેવા બજાવી હતી. અંતે આભાર વિધિ પ્રો. પ્રિયંકાબેન બેરાએ કરી હતી.

## દેશભક્તિ ગીત સ્પર્ધા




જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૯ જુલાઈ ૨૦૨૨ને મંગળવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આંતર કોલેજ દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજના ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રીજી ટેક્નો અસ્પાયર પ્રા.લિ.ના શ્રી લોકરાજ પાંડે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી દેવાંગભાઈ ઝવેરી અને શ્રીમતી દિપ્તીબેન પુરોહિત હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની જાનવી હરીશભાઈએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. હર્ષદભાઈ પટેલ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. વિજયભાઈ ચૌધરીએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે શેઠ સી.ડી.બરફીવાલા કોમર્સ કોલેજના ગીરી મનીષાબેન પરમેશ્વરભાઈ, દ્વિતિય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના જાનવી હરીશભાઈ ચૌહાણ તેમજ તૃતિય ક્રમે શ્રીમતી વી.આર.ભકતા કોલેજ કામરેજના ઉર્વશીબેન નરેશભાઈ પૌનિકર વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા.ડૉ.ચિરાગ સિધ્ધપુરિયા દ્વારા કરવામાં આવી હતી.

## સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ



તા. ૧૮/૭/૨૦૨૨ને સોમવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલજ, અમરોલીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઇ.ચા.ડૉ.રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમરોલી પોલીસ સ્ટેશનના લોક રક્ષક અને પોલીસ કોન્સ્ટેબલ રીટાબેન અને ધ્રુવકુમાર હાજર રહી સાયબર ક્રાઈમ અવેરનેસ અંગે યોગ્ય માર્ગદર્શન આપી ટેકનિક બતાવી કે કેવી રીતે પોતાનો બચાવ કરી શકાય. કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. મેધાબેન મહેતા તથા પ્રા. મયુરભાઈ પાંડવ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. કાર્યક્રમને અંતે આભારવિધિ પ્રા. મેધાબેન મહેતા દ્વારા કરવામાં આવી હતી.

## ચિત્રકલા સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૧ જુલાઈ ૨૦૨૨ને ગુરુવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશ ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આંતર કોલેજ ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી કનુભાઈ અલગોતર તેમજ એમ.કે.કોલેજ ઓફ કોમર્સ, ભરૂચના શ્રી મોહિનીબેન વૈષ્ણવ અને શ્રી અંકુરભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિણાર્યક તરીકે શ્રી અજિતસિંગ ખેર અને શ્રી રાકેશભાઈ ટેલર હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી મોનિલ મૈસુરિયાએ પ્રાર્થનાથી કરી હતી.

મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. જીતેન્દ્રભાઈ વાછાણીએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. મયંકભાઈ સોઢાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૨૫ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના પ્રજાપતિ શિવાંગી, દ્વિતિય ક્રમે વી.આર.ભક્તા કોલેજ ઓફ એજ્યુકેશન, વાવ કોલેજના દેસાઈ કામિની, તૃતિય ક્રમે આર.વી.કોલેજ ઓફ કોમર્સના મેહતો અંશુ તેમજ આશ્વાસન ઈનામ એમ.ટી.બી આર્ટ્સ કોલેજના સિંગ ઓમ વિજેતા જાહેર થયાં હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. મેધાબેન મહેતા અને પ્રા. મયુરભાઈ પાંડવ દ્વારા કરવામાં આવ્યું હતું.






## તાલીમ કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ દ્વારા ઈનોવેશન કલબના વિદ્યાર્થીઓ માટે તા. ૧૮–૭–૨૦૨૨ થી ૨૧–૭–૨૦૨૨ દરમિયાન ચાર દિવસીય પ્રબોધ લેવલ ડી.આઈ. વાય.કીટ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઝિક ઈલેક્ટ્રોનિક્સ અને એડવાન્સ ઈલેક્ટ્રોનિક્સના વ્યવહારુ શિક્ષણ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો. વિદ્યાર્થીઓને અદ્યતન વિજ્ઞાન કીટ, એનર્જી કીટ, ઓગમેન્ટેડ રિયાલીટી ગ્લોબ અને એગ્રીકલ્ચર કીટ જેવી વિવિધ કીટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શ્રીજી ટેકનો. એસ્પાયર પ્રા.લિ.ના જુનીયર સ્ટીમ એન્ડ રોબોટીક્સ ટ્રેનર શ્રી લોકરાજભાઈ પાંડેએ ૭૩ વિદ્યાર્થીઓ સુધી તેમનું જ્ઞાન અને પ્રેક્ટિકલ તાલીમ પહોંચાડી હતી.

વર્કશોપના છેલ્લા દિવસે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઓનલાઈન ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટેની ચર્ચા કરી હતી. ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા અને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાની ખાતરી આપી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના SSIP અને ઈનોવેશન કલબના સંયોજક પ્રા.સી.એસ.શ્વેતાબેન પી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજ SSIP અને ઈનોવેશન કલબના સભ્યો પ્રા.નિધિબેન વકેરિયા, પ્રા.સુરભીબેન કાછિયા, પ્રા. પ્રિયંકાબેન ગાંગડવાલાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

## શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૩ જુલાઈ ૨૦૨૨ને શનિવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આંતર કોલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે સુરત શહેરના ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખશ્રી અનિમેષભાઈ માળી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતિ આશાબેન પારેખ અને આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી મોનિલ મૈસુરિયાએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. છાયાબેન નાયકે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોને

પરિચય પ્રા. ડૉ. ચિરાગ સિધ્ધપુરિયાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૧૧ જેટલા સ્પર્ધાકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજની સોનલ પાંડે, દ્વિતિય ક્રમે શ્રી એસ.વી.પટેલ કોલેજના વરલેકર હર્ષ તેમજ તૃતીય ક્રમે સર કે.પી.કોલેજ ઓફ કોમર્સના તૈસિફાબાનુ ઘાસવાલા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા.ડૉ.ચિરાગ સિધ્ધપુરિઆ દ્વારા કરવામાં આવ્યું હતું.

## યુવા સહકાર તાલીમનાં વર્ગોનું આયોજન



તા. ૨૫/૦૭/૨૦૨૨ને સોમવારનાં રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી અને સુરત જિલ્લા સહકાર સંઘ તથા પ્લાનિંગ ફોરમ કમિટિનાં સંયુક્ત ઉપક્રમે યુવા સહકાર તાલીમનાં વર્ગોની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી. રાણા, પ્રા. કનુભાઈ સુતરીયા, પ્રા. જીતેન્દ્ર ચૌધરી તથા ડૉ. ઝંખનાબેન પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. સહકારના વર્ગોનાં કો–ઓડિનેટર પાર્વતીબેન બી. પટેલ દ્વારા સમગ્ર તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સહકારનાં વર્ગોમાં તા. ૨૫–૦૭–૨૦૨૨ થી તા. ૩૦–૦૭–૨૦૨૨ છ દિવસ સુધી વિવિધ વકતાઓ દ્વારા સમગ્ર વિદ્યાર્થીઓને સહકારી પ્રવૃત્તિના જ્ઞાનનું ભાથું પીરસવામાં આવેલ છે.

## વાર્તા લેખન સ્પર્ધા




જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૮ જુલાઈ ૨૦૨૨ના રોજ ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આંતર કોલેજ વાર્તા લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જલારામ મંદિરના ટ્રસ્ટીશ્રી બિપિનભાઈ આઈ. પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ધ્વનીલભાઈ પારેખ હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી ઇશા છાયાએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. વિજયભાઈ ચૌધરીએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા.ડૉ.મયંકભાઈ સોઢાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહથી પૂર્ણ થયુ હતું. જુદી જુદી કોલેજોના ૨૧ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. નિધિબેન વેકરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સેમિનાર



તા. ૨૭–૭–૨૦૨૨ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી અને અમરોલી પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે ઈ.ચા. આચાર્ય ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ "e-FIR, સાયબર ક્રાઈમ તેમજ મહિલા જાગૃતિ" વિષય પર સેમિનારનું આયોજન  કરવામાં આવ્યું હતું. સેમિનારની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કસવાણા મિતાલીબેને પ્રાર્થનાથી કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે સુરત શહેર ઝોન–૪ ખાતે ફરજ બજાવતા DCP શ્રી હર્ષદભાઈ મહેતા, ACP શ્રી ઝેડ.આર.દેસાઈ, પોલિસ ઇન્સ્પેકટરશ્રી એચ.જે.ચૌધરી અમરોલી પોલિસ સ્ટેશનના PSI શ્રી એસ.ડી.કારેણા તથા પોલિસ હેડ કોન્સ્ટેબલ શ્રી ભગીરથસિંહ ચૌહાણ હાજર રહ્યા હતા.

ગુજરાત પોલિસની e-FIR સેવાનો પ્રારંભ હાલમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્યની પોલિસને આધુનીક બનાવવા તથા લોકોમાં જાગૃતિ લાવવા પ્રયાસના ભાગરૂપે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જાગૃતિ કાર્યક્રમમાં અમરોલી પોલિસ સ્ટેશનના સી. ટીમના સભ્યો પોલીસ કોન્સ્ટેબલ શ્રી વિજયભાઈ ઓળકીયા, શ્રી પાયલબેન શાહ, શ્રી દિપીકાબેન દેસાઈ, ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા.ડૉ. ઝંખનાબેન પરમાર, પ્રા.ડૉ. કૃતિબેન પટેલ, પ્રા.ડૉ. ચિરાગભાઈ કે. સિધ્ધપુરિઆ, પ્રા. નિધીબેન વેકરીયા અને પ્રા. પ્રિયંકાબેન ગાંગડવાલા હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી રસપૂર્વક જાણકારી મેળવી હતી. આભારવિધિ પ્રા.નિધીબેન વેકરીયા દ્વારા કરવામાં આવી હતી.

## મહેંદી આર્ટ સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૬ જુલાઈ ૨૦૨૨ને મંગળવારના રોજ ૭૫માં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા અંતર્ગત ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ આંતરકોલેજ મહેંદી આર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે આર.વી.કોલેજ ઓફ કોમર્સ, અમરોલીના આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી તથા અતિથી વિશેષ તરીકે સરકારી કોલેજ, કાછલના પ્રિ. ડૉ. હેતલબેન ટંડેલ તેમજ અન્ય કોલેજાના પ્રાધ્યાપકએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ ભૂમિબેન વસાણી અને શ્રીમતિ પૂનમબેન સોની હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ ઈશા છાયાએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓડિનેટર પ્રા. નેહાબેન ઉપાધ્યાયે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા.ડૉ.ઝંખનાબેન પરમારે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજના ૬૪ જેટલા સ્પર્ધાકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના જીજ્ઞા સી.વોરા, દ્વિતિય ક્રમે વનિતા વિશ્રામ કોલેજના સાઇકલવાલા અતેકાબાનું મોહમ્મદ તથા જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના પાંડવ મિતલ તેમજ તૃતિય ક્રમે જે.ઝેડ.શાહ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના ખેમાની દ્રષ્ટિ અને કે.પી.કોમર્સ કોલેજના રાઘવાની વિશાખા વિજેતા જાહેર થયા હતા. ઉપરાંત આશ્વાશન ઇનામ તરીકે એમ.ટી.બી. આર્ટસ કોલેજના ઓમ પ્રકાશસિંઘને આપવામાં આવ્યું હતું. સ્પર્ધાનું સંચાલન એસ.વાય.બી. કોમ ડિવીઝન–૪ના વિદ્યાર્થીઓ શ્રીરામી રોહન, કુ. પરમાર તન્વીએ અને આભારવિધિ પ્રા.પ્રિયંકા ગાંગડવાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### એન.સી.સી. ઓરિએન્ટેશન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા એન.સી.સી.ના ભાગરૂપે આરોગ્ય અને સંરક્ષણને લગતા ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત NCC કેડેટ પ્રિયાંશી પટેલ દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરતના જાણીતા ગાયનેક ડોક્ટર અને IVF સ્પેશિયાલિસ્ટ એવા ડૉ. કાજલ માંગુકિયા હાજર રહ્યા હતા. તેમના દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને સંભાળને લગતી માહિતી આપી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તથા સરથાણા પોલીસ સ્ટેશનના PSI જેબલીયા, PSI સંગીતાબેન કારેના, અને WPC હેતલબેન, શાહે શિક્ષણ અને સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી કેનિલભાઈ ટાંક અને સાહિલભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કોલેજની પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓને NCC કેડેટ જાનવી શૈલેષભાઈ ધડુક અને દીપિકા વિશ્વકર્માએ NCC અંગેનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ NCC ના CTO ડૉ. અનિતા પિલ્લાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.














## સિધ્ધિ







જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં બે વિદ્યાર્થીઓ ઝળકયા હતા. તા. ૨૯–૭–૨૦૨૨ના રોજ કાપડિયા હેલ્થ કલબ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની બોકિંસગ ટુર્નામેન્ટમાં કોલેજના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ટી.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થી તિર્થ કિકાણીએ પોતાના વજન વર્ગમાં (Super Heavy Weight) સુપર હેવી વેઈટમાં ગળેશ સિંઘાળાવાળાની સામે વિજય પ્રાપ્ત કરીને રાજય કક્ષા માટે પસંદગી પામ્યા છે. જયારે એફ.વાય. બી.કોમની વિદ્યાર્થિની સૈલેજા સિંહને મહિલા પ્રતિયોગીતામાં પોતાના વજન વર્ગમાં લાઈટ વેઈટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ સિધ્ધિ બદલ કોલેજના અધ્યાપકશ્રી ડૉ. પ્રદિપકુમાર લેન્કા, આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી અને તમામ સ્ટાફ સભ્યો ખુબ અભિનંદન પાઠવે છે.

## પીએચ.ડી.




પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલી, સુરતના અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા Dr. Anila A. Pillai ને Sardar Vallabhbhai National Institute of Technology, Surat તરફથી રજૂ કરેલ Leadership Skills from the retellings: Foreshadowing' The Other in the Mahabharata વિષયના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. તેમણે મહાશોધ નિબંધ Dr.Urvashi Kaushal, Asso. Prof., DoMH, SVNITનાં માર્ગદર્શન હેઠળ English વિષયમાં કરેલ છે. તેમની આ સિધ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર.ગોયાણી, તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જયોત ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### મહેંદી સ્પર્ધા

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં સર્જનાત્મક અભિવ્યકિત ધારા હેઠળ 'મહેંદી સ્પર્ધા'નું આયોજન ઇ.ચા.આચાર્ય શ્રીમતી વર્ષાબેન રાણાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાના આયોજક તરીકે ભૂમિકા ભજવનાર પ્રા. અંજલીબેન પટેલ રહ્યાં હતાં. અને નિર્ણાયક તરીકે પ્રા. યોગીનીબેન પ્રજાપતિ તથા પ્રા. દીપિકાબેન લાડ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા ટંડેલ ધ્રુવિબેન, દ્વિતિય વિજેતા શેખ આફરીન અને તૃતિય વિજેતા ઢીમ્મર આયુષી ડી. રહ્યાં હતાં. સ્પર્ધાને સફળ બનાવવા માટે તમામ ટીચીંગ અને નોન ટીચીંગ સભ્યોનો સહકાર મળ્યો હતો.





### મને ગમતું પુસ્તક

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. પુસ્તકનો સંગ એટલા માટે શ્રેષ્ઠ છે કે માણસના એકાંતનો એક માત્ર એ ઇષ્ટમિત્ર છે. મન અને ચિત્તને સતેજ કરી ચેતન પૂરું પાડે છે. વાંચન માનવીના સમગ્ર જીવનમાં પ્રેરણા, પ્રસન્નતા અને પ્રોત્સાહન પૂરા પાડે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૭ વિદ્યાર્થીઓ અને કોલેજના ઇ.ચા. આચાર્ય શ્રીમતી વર્ષાબેન બી. રાણા દ્વારા ગુજરાતની સાહિત્યના જુદા જુદા લેખકોના પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોલેજના ઇ.ચા. આચાર્ય શ્રીમતી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.






## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### સી.એ.દિવસની ઉજવણી




નવસારી પ્રતિષ્ઠિત એસ.બી.ગાર્ડા કોલેજ (આર્ટસ) એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં એકાઉન્ટન્સી વિભાગ અને I.Q.A.C.ના ઉપક્રમે '૭૪માં આંતરરાષ્ટ્રીય ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ દિવસ' નિમિત્તે તા. ૧–૭–૨૦૨૨ના રોજ ગાર્ડા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ હાલ સ્પેકટ્રમ ગૃપ, સુરતના ચીફ ફાઈનાન્સીયલ ઓફીસર શ્રી ગૌરવભાઈ ભરૂચાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરે સી.એ. શ્રી ગૌરવભાઈ ભરૂચાનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટથી સ્વાગત કર્યુ હતું. સ્વાગત પ્રવચનમાં તેમણે વિદ્યાર્થીઓને હીરા ગણાવી પ્રેરણાત્મક સૂચનો કર્યા હતા. શ્રી ગૌરવભાઈ ભરૂચાને પુષ્પગુચ્છથી આવકાર આપી તેમનો પરિચય વાઈસ પ્રિન્સિપાલ શ્રી મહેશભાઈ નાયકે આપ્યો હતો. સાથે દેશના વિકાસમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો ફાળો અને ૧૩૫ કરોડ જેટલી દેશની વસ્તીમાં માત્ર ૩.૫૦ લાખ જેટલા જ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે એમ સમજાવી સી.એ. સંસ્થાના સભ્યનું પદ કેટલું સન્માનનીય અને ગૌરવનું છે એ દર્શાવ્યું હતું. વાઈસ પ્રિન્સિપાલ ડૉ. હિતેશભાઈ પટેલે પણ પુષ્પગુચ્છથી વકતાશ્રી ગૌરવભાઈ ભરૂચાનું સ્વાગત કર્યુ હતું.

શ્રી ગૌરવભાઈ ભરૂચાએ તેમના વકતવ્યમાં "રોડ મેપ ટુ બીકમ સી.એ. એન્ડ પ્રોફેશનલ કરીઅર ઓપોર્ચ્યુનીટીઝ ફોર સી.એ." અંતર્ગત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બનવા માટે કેવી રીતે તૈયારી કરવી તેનું ઉમદા માર્ગદર્શન આપ્યું હતું સાથે સી.એ.નું માળખું, સી.એ.નો અભ્યાસ અને તાલીમ અંગેની સૂચિત યોજના, સી.એ. દ્વારા થતું ઓડિટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ માટે વ્યવસાયિક કારકિર્દી અને તકો, નિપૂણતાના ક્ષેત્રો જેવા કે, ઓડિટ, ટેક્ષેશન, ફાયનાન્સ, ટ્રેઝરી ઓપરેશન, ઇન્વેસ્ટમેન્ટ, પ્રોફેશનલ વિશે ખૂબ વિગતપૂર્ણ માહિતી આપી વિદ્યાર્થીઓને ઉમદી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન સહાયક અધ્યાપિકા કુ. પૂજા કે.ઈંગોલે અને આભારવિધિ સહાયક અધ્યાપિકા રિધ્ધી લાડે કરી હતી. મોટી સંખ્યામાં એસ. વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### વૃક્ષારોપણ



એન.એસ.એસ. અને સોરાબજી ઈકો કલબ એ એસ.બી.ગાર્ડા કોલેજમાં પર્યાવરણ જાગૃતિ અને વૃક્ષારોપણની પ્રવૃત્તિ કરતા વિભાગો છે. એસ.બી.ગાર્ડા કોલેજની I.Q.A.C.ના માર્ગદર્શન હેઠળ તા. ૭/૭/૨૦૨૨ના રોજ એન.એસ.એસ. તથા સોરાબજી ઈકો કલબના સંયુક્ત ઉપક્રમે નજીકના ડાંભર ગામ મુકામે તળાવના ચોતરફે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ સાથે આંગળવાડીમાં પણ વૃક્ષારોપણ કરી, પર્યાવરણ બચાવોનો સંદેશો આપવામાં આવ્યો. આ પ્રસંગે કોલેજ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી પ્રા. મહેશભાઈ નાયક તથા ઉપાચાર્ય ડૉ. હિતેષભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહી વરસતા વરસાદમાં પર્યાવરણ સંરક્ષણ કરતા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર તેમજ ગામના સરપંચ શ્રીમતી હર્ષાબેન પટેલ, ઉપસરપંચશ્રી પ્રકાશભાઈ પટેલ, અગ્રણી નાગરીક રહેશભાઈ પટેલ તેમજ આંગણવાડીના કર્મચારી તથા ગ્રામજનોએ ખૂબ જ સહકાર આપ્યો હતો. પર્યાવરણ બચાવ અને વૃક્ષોના જતનની આ કામગીરીની એસ.બી.ગાર્ડા કોલેજના મેનેજમેન્ટે સરાહના કરી હતી. આજ દિવસે વૃક્ષારોપણ અને પર્યાવરણ સરંક્ષણ બાબતે ગ્રામ પંચાયત ડાંભર અને એસ.બી.ગાર્ડા કોલેજ વચ્ચે એમ.ઓ.યુ કરવામાં આવ્યા હતા.

## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### અહેવાલ






તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ Satayam College of Education Bharuch & Deep Jyoti College of Commerce Bharuch Inovation Incubation Center (IIC) VNSGU સંલગ્ન Start-Up Yatra Programનું આયોજન તા. ૨૫/૭/૨૦૨૨ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ZOOMના માધ્યમથી કરવામાં આવ્યું હતું, જેના મુખ્ય વકતા તરીકે Ms. Trushna Yagnik (Head of Incubation at VNSGU) ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકગણે ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પહેલા Satayam College of Education Bharuchના અધ્યાપક તથા Start-Up Yatra Programના કો–ઓર્ડિનેટર શ્રી હિમાંશુ પરમારે Start-Up Yatra Program વિશે વિદ્યાથીઓને માહિતગાર કર્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા Start-Up India Policy જાહેર કરી અને તે પાછળનો મુખ્ય હેતુ તેના દ્વારા યુવાનોની ક્ષમતા બહાર આવે અને તેમને રોજગારી મળે. Ms. Trushna Yagnik, Start-Up Yatra Program વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા. Start-Up ઇનોવેશન ૩ શરતોને આધારે કરી શકાય છે. (૧) તમે જે પ્રોડકટ બનાવવાનો વિચાર કર્યો છે તે બીજાનોના હોવો જોઈએ. (૨) તે વિચાર પ્રોફિટ કરતો હોવો જોઈએ. (૩) એનો ફાયદો સમાજના મોટા ભાગના વ્યકિતઓને થવો જોઈએ તમારે એવી વસ્તુ વિષે વિચારવું જોઈએ જે સમાજ માટે ઉપયોગી બને. તમારે એવી પ્રોડકટ બનાવી જોઈએ કે, જેના દ્વારા તમારી ક્ષમતા બહાર આવે અને તમારી પ્રોડકટ માર્કેટમાં પણ પ્રચલિત થાય. જો આ પ્રોડકટને બનાવવા માટે તમારી પાસે નાણાં નથી તો તમને નાણાંકીય સહાય આપવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થીઓને અને સમાજને ફાયદો થાય છે. ફર્સ્ટ મોડેલ બનાવવા માટે વિદ્યાર્થીઓને બે લાખ સુધીની સહાય આપવામાં આવે છે. વધારે ગ્રોથ માટે અને માર્કેટિંગ માટે ૨૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. સરકારી યોજના Start-Up માટે ૪૭ લાખસુધીની સહાય કરવામાં આવે છે. એક Start-Up થી આશરે ૭૬ લોકોને રોજગારી મળી રહે તેમ બનતું હોય છે. વકતા દ્વારા એમ પણ જણાવ્યું કે, પ્રોડકટની જાહેરાત માટે સરકારશ્રી દ્વારા જરૂરી સહાય આપવામાં આવે છે. પોતાના વિચારો તથા નવીન પ્રયોગો રજુ કરવા વિદ્યાર્થીઓને પુરતો સમય તથા તક આપવામાં આવી જે તમામ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક ક્ષણ બની રહી.


આ ઉપરાંત Incubation Center (IIC) VNSGUની રૂબરૂ મુલાકાત લઈ પોતાના Start-Up અંગેના વિચારો પર ચર્ચા કરવા તથા તેને આગળ વધારવા પુરતી મદદ મળી રહેશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. આ પ્રકારના કાર્યક્રમોના આયોજન બદલ સંસ્થા પરિવારે Incubation Center (IIC) VNSGUનો તથા વકતા Ms. Trushna Yagnikનો આભાર વ્યકત કર્યો તથા વિદ્યાર્થીઓ અને સમાજના ઉત્થાન માટેના આ પ્રકારના કાર્યક્રમોમાં સહભાગી થવાની તત્પરતા વ્યકત કરી હતી.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કોલેજ, સુરત.

### યુવા કૌશલ દિન

શ્રી મહાવીર વિદ્યામંદીર ટ્રસ્ટ બી.એડ્.કોલેજ વિમલ ટોરમલ પોદાર બી.સી.એ. અને કોમર્સ કોલેજ પાંડેસરા ખાતે યુવા કૌશલ દિન નિમિતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 'પુનઃબનાયે ભારત મહાન' વિષય પર સેમિનાર આપવા વકતા પ્રકાશજી કપૂરિયા ઉપસ્થિત રહ્યાં હતાં. સવારે ૧૧:૦૦ કલાકે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર, સેક્રેટરી શ્રી નિરજભાઈ પટેલ, વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેમિનારમાં ત્રણેય કોલેજના પ્રધાનાચાર્યો, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. યુવા કૌશલ દિન નિમિતે યુવાનોને સંબોધન કરતા જણાવ્યું કે સ્વદેશી તરફ આગળ વધો, રાષ્ટ્ર માટે સારું કામ કરતા રહેવા માટે સૂચન કર્યું. સેમિનારમાં વકતાનું સ્વાગત શ્રી નિરજભાઈ પટેલે કર્યું હતું. શ્રી વિશાલ તિવારીનું સ્વાગત વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ પટેલે કર્યું હતું. વકતાનો પરિચય પ્રા. અજયભાઈ પાટીલે આપ્યો હતો. પ્રમુખશ્રીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રિયંકાબેન પટેલે કર્યું હતું. અંતે કલ્યાણયંત્ર બોલી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરી હતી.




## યોગા કોમ્પિટીશન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બીસીએ અને કોમર્સ કોલેજ પાંડેસરા ખાતે યોગા ટ્રેનર પ્રા. અંકિતભાઈ જાદવના માર્ગદર્શન હેઠળ યોગા કોમ્પિટીશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને અલગ–અલગ આસનો કરવા માટે જણાવવામાં આવ્યા હતા. આ કોમ્પીટીશનમાં વિદ્યાર્થિનીઓમાં પ્રથમ ક્રમે પરમાર પૂનમ (B.Ed.), દ્વિતિય ક્રમે દિવ્યા ભાવસાર (B.C.A.), તૃતીય ક્રમે વિશ્વકર્મા કોમલ (Commerce) વિજેતા થયા હતા. વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે ઠુમ્મર ફેનિલ (B.C.A.), દ્વિતિય ક્રમે સેટિંગર રોહિત (B.C.A.), તૃતીય ક્રમે પટેલ દર્શન (B.Ed.) વિજેતા થયા હતા. વિજેતાઓને ત્રણેય કોલેજોના પ્રધાનાચાર્યો, અધ્યાપકો તથા શ્રી વિદ્યામંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ તરફથી શુભેચ્છાઓ પાઠવવમાં આવી હતી.




## વૃક્ષારોપણ કાર્યક્રમ અને શીઘ્ર નિબંધ લેખન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા ખાતે તા. ૨૩/૭/૨૦૨૨ના રોજ ઇચ વન, પ્લાન્ટ વન થીમ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ અને શીઘ્ર નિબંધ લેખન આયોજન કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સુરત મહાનગર મહાવિદ્યાલયના પ્રમુખ શ્રી ધ્રુવભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. વૃક્ષારોપણ કાર્યક્રમના મહેમાનશ્રીના સન્માન કરવામાં આવ્યું હતું. અતિથિશ્રી ધ્રુવભાઈ પટેલને તુલસીનો કયારો આપી ઇ.ચા.પ્રધાનાચાર્ય ડૉ. બિન્નીબેન મહેતાએ સન્માન કર્યું હતું. ત્યારબાદ મહેમાનશ્રીએ બી.એડ્.ના તાલીમાર્થીઓને વૃક્ષારોપણનું જતન વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન બી.એડ્. સેમેસ્ટર–૧ની તાલીમાર્થિની સુમીતા ભીલે કર્યું હતું. અતિથિનો પરિચય પ્રા. ભાવિકાબેન પટેલે તથા પ્રાસંગિક ઉદ્દબોધન ઇ.ચા. પ્રધાનાચાર્ય ડૉ. બિન્નીબેન મહેતાએ કર્યુ હતું. ત્યારબાદ અતિથિશ્રી, અધ્યાપકો અને તાલીમાર્થીઓએ કોલેજના મેદાનમાં વૃક્ષારોપણ કર્યું હતું.





## ગુરુ પૂર્ણિમા



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ પાંડેસરા ખાતે ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ગુરુ પૂણિમાના પાવન અવસરે મુખ્ય અતિથિ તરીકે પૂર્વ પ્રધાનાચાર્ય ડૉ. રિદ્ધિબેન દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનો પ્રારંભ દિપપ્રાગટય અને વંદના દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સેમેસ્ટર–૧ના તાલીમાર્થીઓએ નાટક, ગુરુ પૂર્ણિમાનું મહત્ત્વ અને ગુરુને લગતા ભજનોની પ્રસ્તુતિ કરી હતી. જેમાં મુખ્ય અતિથિનું સ્વાગત ઇ.ચા. પ્રધાનાચાર્ય ડૉ. બિન્નીબેન મહેતાએ કર્યું હતું. ગુરુ પૂર્ણિમા નિમિતે તાલીમાર્થીઓને સંબોધન કરતાં ડૉ. રિદ્ધિબેન દેસાઈએ સાચા ગુરુને આજે યાદ કરીને તેમણે આપેલા જ્ઞાનને જીવનમાં ઉતારવા જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સેમેસ્ટર–૧ની તાલીમાર્થીની ભકિત અને પૂજાએ કર્યું હતું. આભારવિધિ ભાવિકાબેન પટેલે કરી હતી.

## શુભેચ્છા સમારોહ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા ખાતે તા. ૦૮–૦૭–૨૦૨૨ના રોજ ભૂતપૂર્વ પ્રધાનાચાર્ય ડૉ. રિદ્ધિબેન દેસાઈનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. ડૉ. રિદ્ધિ દેસાઈ કામરેજ ખાતે

આવેલા ગ્રાન્ટેડ બી.એડ્. કોલેજમાં અધ્યાપક સહાયક તરીકે પસંદગી પામ્યા છે તે બદલ સંસ્થા ગર્વની લાગણી અનુભવે છે. આ પ્રસંગે શુભેચ્છા સમારોહમાં સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર, સેક્રેટરીશ્રી નિરજભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ તથા વ્યવસ્થાપશ્રી ચંદ્રકાંતભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. શુભેચ્છા સમારોહમાં ડૉ. રિદ્ધિ દેસાઈનું સ્વાગત પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટરએ કર્યું હતું. સેક્રેટરીશ્રી નિરજભાઈ પટેલે એક પુસ્તક ભેટમાં આપ્યું હતું. ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈએ સન્માનપત્ર આપી રિદ્ધિબેનનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ડૉ. રિદ્ધિ દેસાઈએ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજમાં ૧૨ વર્ષની સુદીર્ઘ અધ્યાપકની યાત્રાને વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા ઉપસ્થિત સૌએ નિહાળી હતી. પ્રમુખશ્રી અને ટ્રસ્ટીશ્રીએ તેમના ઉદ્દબોધનમાં રિદ્ધિબેનને શુભેચ્છાઓ આપી હતી. ત્યારબાદ ડૉ. રિદ્ધિ દેસાઈએ સંસ્થાનો ઋણસ્વીકાર કરવા સૌને પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું. આ શુભેચ્છા સમારોહમાં શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વી.ટી.પોદ્દાર બી.સી.એ. અને કોમર્સ કોલેજના આચાર્યો, અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રિયંકાબેન પટેલે કર્યું હતું. કાર્યક્રમનું આયોજન પ્રાધ્યાપિકા જયશ્રીબેન કાનાણીએ કર્યું હતું.

## ફાયર સેફટી મોકડ્રીલ




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. અને કોમર્સ કોલેજ પાંડેસરા ખાતે ફાયર સેફટી મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. દ્વારા કોલેજના પ્રટાંગણમાં તા. ૭–૭–૨૦૨૨ના રોજ સવારે ફાયર સેફટી મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ના સભ્યોનું સ્વાગત વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ફાયર સેફટી મોકડ્રીલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આગ લાગે ત્યારે કેવી રીતે બૂઝાવવું તે અંગે તમામ માહિતી આપ્યા બાદ પ્રેકટીકલી રીતે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ફાયર ફાઈટરોએ વિશેષ રીતે સમજૂતી આપી હતી. આ કાર્યક્રમમાં ત્રણેય કોલેજોના પ્રધાનાચાર્યો, અધ્યાપકો, બિન શૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, સુરત.

### વર્કશોપ





વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ, પાંડેસરા ખાતે તા. ૯–૭–૨૦૨૨ અને તા. ૧૬–૭–૨૦૨૨ના રોજ GiTHUB (Series-1) અને GiTHUB (Series-2) વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વક્તા તરીકે શ્રી જગન્નાથ મહારાણા ઉપસ્થિત રહ્યાં હતાં. આ વર્કશોપ ટી.વાય.બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે યોજાયો હતો. જ્યારે તા. ૯–૭–૨૦૨૨ના રોજ એસ.વાય.બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટ Use and Scope of Statistics in Government વિષય પર એક ઓનલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ

વર્કશોપમાં વકતા તરીકે શ્રી પરેશ અજાગીયા ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં બી.સી.એ. કોલેજના પ્રધાનાચાર્ય શ્રી હેમાંગભાઈ દેસાઈ અને અધ્યાપકો તેમજ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### વર્કશોપ







શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ, પાંડેસરા ખાતે તા. ૨૩–૭–૨૦૨૨ના રોજ Basic of HTML/CSS (Series-1) અને AWS (Amazon Web Services) વિષય પર T.Y.BCAના વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વકતાશ્રી આત્મીય કોલસાવાળા અને જગન્નાથ મહારાણા ઉપસ્થિત રહ્યાં હતાં. વકતાશ્રીનું સન્માન કર્યા બાદ વર્કશોપ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં બી.સી.એ. કોલેજના પ્રધાનાચાર્ય શ્રી હેમાંગ દેસાઈ તેમજ તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. અંતે રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat.

### Mahendi Competitions

Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat was organized Mahendi Competition on Dt. 09/07/2022. The students of B. Com, BBA, B.A. (Economics) and M.A (Economics) was enthusiastically participated in these competitions.





### Group Dance Competitions

Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat was organized Group Dance competition on Dt. 28-07-2022. 30 students of B. Com, BBA, B.A. (Economics) and M.A (Economics) was enthusiastically participated in these competitions.



## શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ.

### વિચાર ગોષ્ઠી અને ગુરુવંદના કાર્યક્રમ

શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ ખાતે તા. ૨૦–૭–૨૦૨૨, બુધવારના રોજ આચાર્યશ્રી ડૉ. ઇશ્વરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આઝાદીક કા અમૃત મહોત્સવ અંતર્ગત 'ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ પરંપરા અને ગુરૂનું મહત્ત્વ' વિચાર ગોષ્ઠી અને ગુરૂવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં NSS, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફથી નિર્દેશ કરવામાં આવેલા મુખ્ય વકતા પ્રી.ડૉ.જયંતીભાઈ ચૌધરીનો પરિચય આચાર્ય શ્રી ઈશ્વરભાઈ પટેલે આપ્યો હતો. વકતા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિમાં ગુરૂનું સ્થાન, શાસ્ત્રો અને ગ્રંથોમાં ગુરૂના મહત્ત્વની રજુઆત, મહાન વિભૂતિઓ દ્વારા ગુરૂ મહાત્મ્ય, વેદ વ્યાસ, સ્વામી વિવેકાનંદ અને તેમના ગુરૂ રામકૃષ્ણ પરમહંસ વચ્ચેના શિષ્યગુરૂ સંબંધોની સાદ્રષ્ટાંત સમજૂતી આપી હતી, ભારતને 'વિશ્વ ગુરૂ' બનાવવામાં ગુરૂ અને શિષ્યોની ભૂમિકા વગેરે સંદર્ભમાં ખૂબજ અસરકારક વ્યાખ્યાન રજૂ કર્યુ હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં આચાર્ય પ્રા.ડૉ.દક્ષાબેન કોન્ટ્રાકટર અને પ્રા.ડૉ. સુરવીરસિંહ ઠાકોર, પ્રાધ્યાપક વૃંદ, કેમ્પસ એમ્બેસેડર યશ પટેલ, NSS સ્વયંસેવિકાઓ અને વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. સુરવીરસિંહ ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. દક્ષાબેન કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને રાષ્ટ્રગાન બાદ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો.

### વર્કશોપ

ઓલપાડ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કોલેજના આચાર્યશ્રી ડૉ. ઈશ્વરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાત ગુરુ જ્ઞાન કિવઝનું રજીસ્ટ્રેશન તેમજ તેના ફાયદા અંગે વર્કશોપ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના જનરલ નોલેજનો વિકાસ થાય તેમજ સાંપ્રત પ્રવાહોથી વાકેફ થાય તે દૂરથી ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી ગુજરાતની સૌથી મોટી ઓનલાઈન કિવઝ ગુજરાત જ્ઞાનગુરુ કિવઝનું તમામ વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઓલપાડ કોલેજના એન.એસ.એસ. વિભાગના કો–ઓડિનેટર ડૉ. સૂરવીરસિંહ ઠાકોર, પ્રા. દક્ષાબેન કોન્ટ્રાકટર પ્રા. રોહિત ઢીમર તથા ડૉ. નરેન્દ્રભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં તેમજ વિદ્યાર્થીઓને કિવઝના મહત્ત્વ અંગે સમજાવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી ઓનલાઇન રજીસ્ટ્રેશન કર્યું હતું અને કિવઝ આપી સબમીટ કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન તથા આભાર વિધિ ઇતિહાસ વિભાગના પ્રાધ્યાપક ડૉ. પ્રવીણ ચૌધરીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજની તમામ ફેકલ્ટીના વિદ્યાર્થી ભાઈ–બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.






### ગુરુપૂર્ણિમાં કાર્યક્રમ






આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ ખાતે તા. ૧૩/૭/૨૦૨૨ને બુધવારના રોજ ઇતિહાસ વર્તુળ દ્વારા ગુરુપૂર્ણિમા ગુરુ વંદના કાર્યક્રમ લાઇબ્રેરી હોલ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ કુમકુમ તિલકથી કોલેજના આચાર્યશ્રી તથા પ્રાધ્યાપકશ્રીઓનું સન્માન કર્યું હતું. ગુરુ વંદના કાર્યક્રમના ભાગરૂપે કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કરી જીવન વિકાસમાં શિક્ષકના મહત્ત્વ અંગે પોતાના અનુભવ વ્યકત કર્યા હતા. વિદ્યાર્થીઓએ તેમના જીવનમાં બદલાવ લાવવા માટે ગુરુજનોનો આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. સૂરવીરસિંહ ઠાકોરે વિદ્યાર્થીઓને ભારતીય પરંપરા મુજબ ગુરુ મહિમાનું મહત્વ ઉદાહરણ સહિત સમજાવ્યું હતું. ઇતિહાસ વર્તુળ અને ઇતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. નરેન્દ્રભાઈ રાઠોડે વિદ્યાર્થીઓને ગુરુ જ્ઞાનનો વાસ્તવિક મહિમા સમજાવ્યો હતો. ગૂગલ ગુરુ અને સાચા ગુરુનો ભેદ તેમના વિદ્યાર્થીઓને સમજાવ્યો હતો. આ પ્રસંગે કોલેજના પ્રિ. ડૉ. ઈશ્વરભાઈ પટેલે વિદ્યાર્થીઓને જીવનમાં માતા–પિતા તેમજ ગુરુનું ઉમદા પ્રદાન કેવું હોય તેને ઉદાહરણ સહિત સમજાવ્યું હતું, તેમણે શિષ્યોને પોતે પોતાની ગરિમા ઊભી કરી વિદ્યાર્થી જીવનમાં શિક્ષકોનો સાથ સહકાર મેળવી આગળ વધવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન ઇતિહાસ વિભાગના પ્રાધ્યાપક ડૉ. પ્રવીણ ચૌધરીએ કર્યું હતું. આભારવિધિ વિદ્યાર્થી પ્રિન્સ પટેલે કરી હતી, આ કાર્યક્રમમાં કોલેજનો સ્ટાફ તેમજ કોલેજની તમામ ફેકલ્ટીના વિદ્યાર્થી ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.






## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત.

### ગુરુ પૂર્ણિમા

વરાછા રોડ સ્થિત શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરાઈ હતી. પ્રાચિન કાળથી સમાજમાં ગુરુનું મહત્ત્વ રહેલું છે. સાંપ્રત કાળમાં પણ ગુરુનું માર્ગદર્શન મહત્ત્વનું છે, ત્યારે ગુરુનું ગૌરવ, સ્થાન, ગુરુના કાર્યનો મહિમા ગુરુ–શિષ્યના સંબંધો અને વિદ્યાની આવશ્યકતા વગેરે જેવા પાંસાઓને ઉજાગર કરતાં વકતવ્યો દ્વારા વિદ્યાર્થીઓએ ગુરુવંદના કરી હતી. સંસ્થાના સ્થાપક કે. પૂ. શ્રી આત્માનંદ સરસ્વતીનું પૂજન કરી વિદ્યાર્થીઓએ પોતાના વિદ્યાગુરુઓને પુષ્પ–કુંકુમ તિલકથી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. ડિ.એલ.વરસાણીએ પ્રાસંગિક પ્રવચન દ્વારા કોલેજની વિદ્યાર્થીનીઓને બિરદાવી ગુરુ પૂર્ણિમાનું મહત્ત્વ જણાવ્યું હતું. સમગ્ર ઉત્સવનું સંકલન અને આભાર દર્શન ડૉ. મહેન્દ્ર ત્રિવેદીએ કર્યું હતું. ઉત્સાહભેર વિશાળ સંખ્યામાં એકત્ર થઈને વિદ્યાર્થીઓએ આ પર્વની શાનદાર ઉજવણી કરી હતી.

### કાવ્યપઠન સ્પર્ધા




શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ બી.કોમ. ઇંગ્લિશ મીડિયમ સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં તા. ૨૩–૦૭–૨૦૨૨ને રોજ આંતરકલાસ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કવિતા અને સાહિત્યમાં રસ ધરાવનાર ૩૦ વિદ્યાર્થીની બહેનોએ સહર્ષ આ સ્પર્ધામાં ભાગ લઈ હિન્દી, ગુજરાતી, અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં શ્રી હરિવંશરાય બચ્ચનથી લઈને અમૃતા પ્રીતમ, મુકેશ જોષી, ઝવેરચંદ મેઘાણી જેવા દિગ્ગજ કવિઓની કવિતાઓ રજૂ કરી હતી. આચાર્યશ્રી ડૉ. દિલીપ વરસાણીએ સ્પર્ધાના અંતે રોજિંદા જીવનમાં કવિતા અને સાહિત્યના મહત્ત્વ વિશે સ્પર્ધાકો તેમજ શ્રોતા વિદ્યાર્થીનીઓને ટૂંકી રજૂઆત કરી હતી. સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે માંગુકીયા જાનવી, નકુમ હેતલ અને જાની જાનવી વિજેતા રહ્યા હતા. આ સ્પર્ધા સર્જનાત્મક ધારા અંતર્ગત યોજવામાં આવી હતી. પ્રા. શ્રી હસમુખભાઈ નાવડીયા અને પ્રા. ડૉ. ચંદ્રાવલી તળાવીયાએ કાવ્યપઠન સ્પર્ધામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

## આંતર કલાસ કિવઝ સ્પર્ધા



શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કિવઝ એક એવી પ્રવૃતી છે કે જેમાં શિક્ષણ, જ્ઞાન અને ગમ્મતનો ત્રિવેણી સંગમ છે. વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં અતિવૃધ્ધી થાય એ ઉદેશ્યથી કોલેજમાં કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૫ સ્પર્ધકો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં અલગ–અલગ ક્ષેત્રોને સાંકળી લઈ પાંચ રાઉન્ડમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સ્પર્ધામાં પાંચ ટીમ બની હતી. આ પાંચ ટીમમાં સી ટીમની વિદ્યાર્થીનીઓ ૧. ત્રાપસિયા સેલ્વી (એમ.એ. સેમ–૪) ૨. મકવાણા દ્રષ્ટી (એફ.વાય.બી.એ. સેમ–૧), ૩. પાનસુરીયા અંજલી (ટી.વાય.બી.કોમ. સેમ–૫), વિજેતા જાહેર થઈ હતી. આચાર્યશ્રી ડૉ. ડિ. એલ. વરસાણીએ કિવઝનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. જ્ઞાનધારાના અધ્યક્ષ ડૉ.મહેશ પટેલ અને ઉપાધ્યાય ઓમપ્રકાશ પુરોહિતે કિવઝની સ્પર્ધાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.







## વિદ્યાદીપ હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, અનીતા, કીમ.

### Simplifying Acutes

વિદ્યાદીપ હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, અનીતા, કીમ દ્વારા Acutes રોગોના વિષય પર વિદ્યાર્થીઓ અને ડૉકટરો માટે વિવિધ પરિસંવાદનું આયોજન થયું હતું. જેમાં તા. ૧૮–૦૬–૨૦૨૨ના રોજ મુંબઈના પ્રખ્યાત ડૉ. ક્ષિતિજ જોષી, તા. ૨–૭–૨૦૨૨ના રોજ ડૉ. સતીષ ગજેરા અને તા. ૨૧–૭–૨૦૨૨ના રોજ ડૉ. નીલા ઠાકર સ્પીકર તરીકે હાજર રહ્યાં હતાં. તેઓએ Acutes રોગોના વિષય પર વિવિધ કેસો દ્વારા સમજ આપી હતી. કાર્યક્રમનું ઉદ્ઘાટન ચેરમેન શ્રી જયંતીભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું. પરિસંવાદને સફળ બનાવવા શૈક્ષણિક સ્ટાફે જહેમત ઉઠાવી હતી. પરિસંવાદો માટેનું માર્ગદર્શન ડૉ. વિપુલ શાસ્ત્રી દ્વારા આપવામાં આવેલ હતું.







## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### સેમિનાર રીપોર્ટીંગ

સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા હોમિયોપેથીક મેડીકલ એસોસીએશન ઓફ ઈન્ડિયા, વ્યારા યુનિટના સહયોગથી તા. ૨૬ જુલાઈ ૨૦૨૨ના રોજ "Homoeopathy Approach In Skin Disorder" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે ડૉ. સુધીરભાઈ જોષી, (વલસાડ)એ ચામડી રોગ વિષે જુદા જુદા ઉદાહરણ દ્વારા વિસ્તૃત માહિતી આપી વિસ્તૃત રજુઆત કરી હતી. આ સેમિનારનો તૃતીય વર્ષ અને ચતુર્થ વર્ષ બી.એચ.એમ.એસ.ના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણે લાભ લીધો હતો. સમગ્ર સેમિનાર વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ખૂબ પ્રેરણાદાયી રહ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સેમિનાર સમિતિ દ્વારા કોલેજના આચાર્યશ્રી ડૉ. જ્યોતિબેન રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.








### Gurupurnima

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara and HMAI Vyara Unit celebrated "GURUPURNIMA" on dt. 13/07/2022. All the Staff Members & Hospital Staff celebrated Gurupurnima by offering floral tribute to Maa Sarasvati & Guru Dr. Hahnemann. On this special occasion of Gurupurnima college arranged an inspirational seminar of Dr. Ghanshyam Raval on the topic of "Basics of Personality development & Teacher-Student Relationship". The whole seminar was very interactive & inspiring for all the students. Programme was coordinated by Activity committee & Seminar committee under the guidance of Principal Dr. Jyoti Rao.











## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### શબ્દભંડોળ કિવઝ



ઉધના કોલેજમાં પર્સોનાં કલબ (અંગ્રેજી વિભાગ) દ્વારા તા. ૨૮–૬–૨૦૨૨નાં રોજ શબ્દભંડોળ કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કિવઝમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બહેરા દેવ વિજેતા અને મૃગેશ્વર હેત્વી ઉપવિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું આયોજન પર્સોનાં કલબનાં સભ્યો દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### Start Up Yatra Sensitization Programme





ઉધના કોલેજમાં પ્રી ઈન્કયુબેશન સેલ દ્વારા Idea & Innovation Cell, VNSGUના સંયુકત ઉપક્રમે તા. ૬/૭/૨૦૨૨નાં રોજ Start Up Yatra Sensitization Programme પર લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના આઈડિયા અને ઈનોવેશન સેલનાં વડા, શ્રી તૃષ્ણા યાજ્ઞિકે કોલેજના અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ખુબ માહિતીપ્રદ વકતવ્ય આપ્યું હતું. વિદ્યાર્થીઓને સેલ દ્વારા કરવામાં આવેલ પહેલ માર્ગદર્શન અને સહાયનો પરિચય કરાવવામાં આવ્યો હતો. આ સત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સફળ આયોજન UCPICના સભ્યો દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. UCPICના સભ્યોએ ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાલીનો સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો.


### એકાઉન્ટીગ કલબ સેમિનાર






ઉધના કોલેજમાં એકાઉન્ટીગ ટ્રુપ્સ (એકાઉન્ટીગ કલબ) દ્વારા તા. ૦૫–૦૭–૨૦૨૨ના રોજ શેર બજારમાં રોકાણની શરૂઆત કેવી રીતે કરવી એ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વિદ્યાર્થીઓને શેર બજારમાં રોકાણ કેવી રીતે શરૂ કરવું એ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને અને અધ્યાપકોની ઉપસ્થિતિએ સેમિનારને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય વકતા ડૉ. શિવમ શાહ અને પ્રા. ફૈસલ પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સેમિનારનું આયોજન એકાઉન્ટીગ કલબનાં સભ્યો દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વાર્તા કેવી રીતે લખવી ? : સત્ર






ઉધના કોલેજનાં એકસપ્રેસ કલબ દ્વારા 'વાર્તા કેવી રીતે લખવી ?' વિષય પર તા. ૧૪–૭–૨૦૨૨નાં રોજ એક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્રનાં વકતા ડૉ. રૂદ્રી સી. પુરોહીતે વિદ્યાર્થીઓને વાર્તા લેખન પર રસપ્રદ માર્ગદર્શન આપ્યું હતું. આ સત્રમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. એકસપ્રેસ કલબનાં સભ્યો દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો સતત માર્ગદર્શન અને સહકાર આપવા બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## Student Devlpoment Programme

ઉધના કોલેજનાં BBA વિભાગની MSDP કલબ અને BSE બ્રોકર્સ ફોરમ દ્વારા વિદ્યાર્થીઓ માટે તા. ૪ જુલાઈ થી ૮ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન પાંચ દિવસીય SDP (વિદ્યાર્થી વિકાસ કાર્યક્રમ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ SDP માં શેરબજારની કામગીરી, મ્યુચ્યુઅલ ફંડ અને SIP, વ્યુપત્ર બજાર, મૂળભૂત અને તકનીકી વિશ્લેષણ અને લાઈવ સ્ટોક માર્કેટ ટર્મિનલ જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં શ્રી રોનિત ગામિત BSC બ્રોકર ફોરમ દ્વારા કોલેજનાં વિદ્યાર્થીઓ માટે અદ્ભુત રીતે સત્રોની શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં પાંચ દિવસનાં તમામ સત્રોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બધા વિદ્યાર્થીઓને BSC બ્રોકર ફોરમ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. MSDP કલબનાં સભ્યો દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો આવા કાર્યક્રમો યોજવા માર્ગદર્શન અને તમામ સહયોગ માટે આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.



## પ્રાઈવેટ બેંક જોબ ઈન્ટરવ્યુ





ઉધના કોલેજમાં તા. ૨૫–૦૭–૨૦૨૨નાં રોજ વિદ્યાર્થીઓને કારકિર્દી બનાવવાની તક આપવાનાં હેતુ સાથે Bankeraનાં કર્મચારીઓ દ્વારા પ્રાઈવેટ બેંકમાં ઓફિસર તેમજ આસિસ્ટનટ મેનેજર ગ્રેડની જગ્યા માટે જોબ ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યા હતા. કોલેજનાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની ક્ષમતા અને બેકિંગ જ્ઞાનથી Bankeraનાં કર્મચારીઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. ૭૦% થી વધુ વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુંનાં બીજા રાઉન્ડ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંકલન પ્રાધ્યાપકો ડૉ. પર્લ ખરાસ અને ડૉ. હેતલ શાહ દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજનાં ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કના, ડૉ. મનીષ કાયસ્થ અને તેજસ ઘડિયાળી દ્વારા સતત સમર્થન આપવામાં આવ્યું હતું.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-7-2022 to 30-7-2022

| Detail | Description | July-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 1998 | |
| | Internet Lab User | 37 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 3 | |
| | UG/PG Students | 83 | |
| | Research Scholars | 18 | |
| | Non Teaching Staff | 1 | |
| | Online User | 1070 | |
| | Online User | 13 | |
| | Total | | 3223 |
| Sourse: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | | |

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| July-2022 | 529 | 430 |
| Sourse: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | |

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2022 | 4 |
| Sourse : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section. | | |

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2022 | 6 |
| Sourse: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section. | | |

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2022 | 5 |
| Sourse: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section. | | |

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Pate**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. સોનલ પી. ભારતી, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in